મુંબઈ પોલીસની કલાકો સુધી યુવકની પૂછપરછ, પરિવાર પાસે માનસિક બીમાર હોવાના પુરાવા માગ્યા

સલમાન ખાનને ધમકી આપનાર યુવકને નોટિસ અપાઈ

દબંગ અભિનેતાને ધમકી ભર્યા મેસેજનું કનેક્શન વડોદરા જિલ્લાના રવાલ ગામનું મળ્યું, માતા જ્યુસની દુકાન ચલાવતી હોય પુત્ર ત્યાં બેસે છે, યુવક પાસે સ્માર્ટફોન છે અને તે સોશિયલ મીડિયાનો ખૂબ જ શોખીન છે

(પ્રતિનિધિ) વડોદરા તા.15

બોલિવૂડના અભિનેતા સલમાન ખાનને અવારનવાર ધમકી મળતી રહેતી હોય છે. ત્યારે હવે આ દબંગ અભિનેતાને વધુ એક ધમકી ભર્યો મેસેજ મળ્યો હતો જેમાં વડોદરા જિલ્લાના રવાલ ગામનું કનેક્શન નીકળ્યું હતું. જેથી મુંબઈ પોલીસે વડોદરામાં ધામા નાખ્યા હતા અને રવાલ ગામે જઈને તપાસ કરી હતી ત્યારે મેસેજ કરનાર યુવક માનસિક બીમાર હોવાનું જાણવા મળ્યું હતું. જેથી આ યુવકની કલાકો સુધી પૂછપરછ કર્યા બાદ

પોલીસ નોટિસ આપીને માનસિક અસ્વસ્થ હોવાના પુરાવા સાથે રજૂ થવાનું કહીને પરત નીકળી ગઈ હતી. યુવક માનસિક બીમાર ભલે હોય પરંતુ તેને સોશિયલ મીડિયાનો ઘણો શોખ છે અને તે સ્માર્ટફોન નો પણ ઉપયોગ કરે છે. માતાની જ્યુસની દુકાન હોય પુત્ર ત્યાં માતા સાથે બેસતો હોવાનું જાણવા મળી રહ્યું છે.

બોલિવૂડના દબંગ અભિનેતા સલમાન ખાનને જાનથી મારી નાખવાની ધમકી ભર્યો મેસેજ મુંબઈના વરલી પરિવહન વિભાગને મોકલવામાં આવ્યો હતો. જેથી વરલી પોલીસ મથકમાં ધમકી આપનાર શખ્સ વિરુદ્ધ ગુનો નોંધીને તપાસનો ધમધમાટ શરૂ કરાયો હતો ત્યારે આ ધમકી ભર્યા મેસેજનું કનેક્શન વડોદરા હોવાનું બહાર આવ્યું હતું. જેથી મુંબઈ પોલીસની ટીમે વડોદરામાં ધામા નાખ્યા હતા અને વાઘોડિયા તાલુકાના રવાલ ગામેથી ધમકી ભર્યો મેસેજ આવ્યો હોવાનું સામે આવતા મુંબઈની પોલીસે વાઘોડિયા પોલીસને સાથે રાખીને વાઘોડિયાના રવાલ ગામ ખાતે તપાસ કરવા પહોંચી હતી. ધમકી ભર્યો મેસેજ કરનાર મયંક પંડ્યા હોવાનું જાણવા મળ્યું હતું અને આ યુવક તેની માતા જ્યુસની દુકાન ચલાવતા હોય ત્યાં બેસે છે. જેથી પોલીસે આ યુવકની કલાકો સુધી પુછપરછ કરવામાં આવી હતી. જોકે પોલીસની પુછપરછમાં યુવક માનસિક રીતે બીમાર હોવાનું જાણવા મળ્યું હતું. તેથી યુવકને નોટિસ આપીને મુંબઈ પોલીસ પરત રવાના થઇ છે.

વાઘોડિયા પોલીસ સ્ટેશનના પીઆઇ પૃથ્વીરાજસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, મુંબઈ પોલીસ દ્વારા તેમને જાણ કરાઈ હતી કે સલમાન ખાનને ધમકી ભર્યો મેસેજ વાઘોડિયાના રવાલ ગામમાંથી કરાયો હતો. જેથી અમે આ બાબતે રવાલ ગામમાં જઈને તપાસ કરી હતી. આ દરમિયાન જાણવા મળ્યું હતું કે, રવાલ ગામમાં રહેતા 26 વર્ષીય મયંક પંડ્યા માનસિક અસ્વસ્થ છે અને તેની છેલ્લા 12 વર્ષથી વડોદરાની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. તેને સોશિયલ મીડિયાનો ખુબ શોખ છે અને તેની પાસે સ્માર્ટફોન પણ છે. માનસિક બીમાર યુવકના મિત્રો ન હોવાના કારણે કોઈપણ લિંક આવે તેમાં જોડાઈ જાય છે. આ દરમિયાન ધમકી ભર્યો મેસેજ મોકલી દીધો હતો. જેથી મુંબઈ પોલીસની ટીમે આવીને આ બાબતે તપાસ કરી યુવકને નોટિસ આપીને ગઈ છે જેમાં તેના પરિવારને યુવક માનસિક બીમાર હોવાના પુરાવા પણ રજૂ કરવા માટેનું જણાવ્યું છે.

ધમકી આપનાર યુવકનો મોબાઇલ કબજે કરાયો છે

વાઘોડિયા તાલુકાના રવાલ ગામે રહેતા મયંક પંડ્યા માનસિક રીતે બીમાર છે. તેની સારવાર વડોદરા શહેરમાં તબીબ પાસે ચાલી રહી છે. જેથી અમારી ટીમ દ્વારા ડોક્ટરનું પણ નિવેદન લેવામાં આવ્યું છે. પરંતુ સલમાન ખાનની ઉડાવી ધમકી આપનાર આ યુવકે સોશિયલ મીડિયાનો વધુ પડતો શોખ છે અને પોતાની પ્રસિદ્ધિ માટે મેસેજ કર્યો હતો. કોઇ ચોક્કસ કાવતરુ જણાતુ નથી. જેથી કોઇ પણ ગ્રૂપમાં તે જોઇન થઇ જાય છે, તેવી જ વરલી પોલીસના ગ્રૂપમાં સલમાન ખાન કો ઘર મે સે નિકાલ ઉડા દો તેવી ધમકીનો મેસેજ નાખ્યો હતો. જેથી યુવકનો મોબાઇલ કબજે કરીને તેની ડિટેલ કઢાવવાની તજવીજ શરૂ કરાઇ છે. **- રોહન આનંદ,** એસપી

કિશનવાડી વિસ્તારમાં રહેતી પરીણિતાનુ હાર્ટએટેકથી મોત

મહિલાને છાતીમાં દુખાવો થતાં સયાજી હોસ્પિટલ ખસેડાતાં તબીબોએ મૃત જાહેર કરી

(પ્રતિનિધિ) વડોદરા તા. 15

શહેરના કિશનવાડી વિસ્તારમાં આવેલા ચામુંડા ચોકમાં રહેતી યુવાન પરિણીતાને ગત તા.15 એપ્રિલના મધરાતે છાતીમાં અચાનક દુખાવો થતાં એસ.એસ.જી.હોસ્પિટલમા ખસેડવામાં આવ્યા હતા જ્યાં ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કરી મૃતદેહના પોસ્ટમોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર, શહેરના કિશનવાડી વિસ્તારમાં આવેલા ચામુંડા ચોકમાં મકાન નંબર 194 માં રહેતા આશરે 30 વર્ષીય આરતીબેન હિતેશકુમાર પરમાર નામની પરિણીતાને ગત તા.15 મી એપ્રીલ ના મધરાતે આશરે 12 વાગ્યાની આસપાસ છાતીમાં અચાનક દુખાવો થયો હતો જેથી ગેસના કારણે છાતીમાં દુઃખતું હોય તેવું માની સોડા પીધી હતી ત્યારબાદ પરિણીતાને આરામ થયો હતો પરંતુ ફરી સવારે સાડા છ થી સાત દરમિયાન દુખાવો થતાં તેમને સારવાર માટે એસ.એસ.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કરી મૃતદેહના પોસ્ટમોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરી હતી. મૃતક આરતીબેનના પતિ હિતેષભાઈ ના જણાવ્યા અનુસાર ઘરમાં માતા,એક ભાઈ તથા પોતે પત્ની સાથે રહેતા હતા પોતે ખાનગી ડ્રાઈવિંગ કરી ગુજરાન ચલાવે છે લગ્નને છ વર્ષ થયાં હતાં પરંતુ સંતાન ન હતું. મૃતક આરતીબેનને કોઈ તકલીફ કે રોગ ન હતો અને ગતરાત્રે તેઓ મોડે સુધી પતિ સાથે વાતચીત કરતાં હતા તે દરમિયાન તેમને છાતીમાં દુઃખતું હોય તેમણે ગેસના કારણે છાતીમાં દુઃખતું હોવાનું જણાવ્યું હતું સાથે સોડા પીધા પછી આરામ થયો હતો પરંતુ ફરી સવારે દુખાવો થતાં તેમનું હાર્ટએટેક થી મૃત્યુ

મોપેડ આડું ઉભું રાખી મોટે મોટેથી બુમો પાડી બીભત્સ શબ્દો બોલતો હતો

સયાજીગંજમાં નશામાં અપશબ્દો બોલતા યુવકને પકડતાં તેણે પોલીસને ધમકી આપી

બ્રેથ એનેલાઇઝર થી તપાસતા તેણે નશાકારક કેફી પીણું લીધેલા નું જણાતાં અટકાયતા કરાઈ

પોલીસ કર્મીઓ ને ખોટા કેસમાં ફસાવી દેવાની અને બહાર જોઇ લેવાની ધમકી આપતા સયાજીગંજ પોલીસે કાર્યવાહી હાથ ધરી

(પ્રતિનિધિ) વડોદરા તા. 15

શહેરના સયાજીગંજ વિસ્તારમાં આવેલા ડેરીડેન સર્કલ પાસે જાહેર માર્ગમાં રસ્તામાં પોતાનું મોપેડ ઉભું રાખી જાહેરમાં મોટા અવાજે અપશબ્દો બોલનાર યુવકને સયાજીગંજ પોલીસના કર્મીઓએ પકડતા યુવકે ખોટા કેસમાં ફસાવી દેવાની તથા બહાર જોઇ લેવાની ધમકી આપતા સયાજીગંજ પોલીસે કાર્યવાહી હાથ ધરી.

પ્રાપ્ત માહિતી અનુસાર, સયાજીગંજ પોલીસ સ્ટેશનના કર્મીઓ એ.એસ.આઇ.દિપકકુમાર સાથે જ અન્ય પોલીસ કર્મીઓ પેટ્રોલિંગમા હતા તે દરમિયાન ડેરીડેન સર્કલ પાસે તા.14 એપ્રિલના મોડી રાત્રે પોણા એક વાગ્યે એક ઇસમ જાહેર માર્ગમાં પોતાનું મોપેડ આડું ઉભું રાખી મોટે મોટેથી બુમો પાડી બકવાસ કરતો હોય તથા ખરાબ અપશબ્દો બોલતો હોય તેને પકડી તેનું નામ પૂછતાં તેણે પોલીસ કર્મીઓ સાથે જીભાજોડી કરી હતી સાથે જ ગેરવર્તન કરતાં તેને સયાજીગંજ પોલીસ સ્ટેશનમાં લાવી પૂછપરછ કરતા તેણે પોલીસ કોન્સ્ટેબલ સંદીપભાઇ સાથે ધક્કામુક્કી કરી બિભત્સ શબ્દો બોલ્યા હતા સાથે જ પોલીસ ઉપર ખોટા આક્ષેપો કર્યા હતા અને જોર જોરથી બુમો પાડતો હોય પોલીસે તેના મોબાઇલ ફોન નંબરથી તેના માતાપિતાને બોલાવ્યા હતા તેમ છતાં નશામાં ધૂત યુવકે પોતાના માતાપિતા ની હાજરીમાં પોલીસ કર્મીઓ સાથે ખરાબ વર્તન ચાલુ રાખ્યું હતું પોલીસે તેનું નામ પૂછતાં તેણે વિશ્વેશ ઉર્ફે વિશુ કનૈયાલાલ માછી હોવાનું તથા પોતે યોગી સોસાયટીમાં મકાન નંબર સી-29, મહેશ કોમ્પલેક્ષ વાઘોડિયારોડ ખાતે રહેતો હોવાનું જણાવ્યું હતું જેથી બ્રેથ એનેલાઇઝર થી તપાસતા તેણે નશાકારક કેફી પીણું લીધેલા નું જણાતાં પોલીસે તેની અટક કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ફરાસખાનામાંથી વાસણોની ચોરી કરતા તસ્કર સીસીટીવીમાં કેદ

(પ્રતિનિધિ) વડોદરા તા.15

વડોદરા શહેરમાં તસ્કરોએ આતંક મચાવી મૂક્યો છે. તસ્કરો રોજેરોજ ચોરીની ઘટનાને અંજામ આપી પોલીસ પેટ્રોલિંગના લીરેલીરા ઉડાવી રહ્યા છે. ત્યારે હનુમાન જયંતી નિમિત્તે ભંડારાના આયોજન બાદ ફરાસખાનાનો સામાન આજવા રોડ નવજીવન પાસેની સોસાયટી નજીક મૂક્યો હતો. ત્યારે મોડી રાત્રિના રિક્ષામાં આવેલા તસ્કરે ફરાસખાનાના સામાનમાંથી કેટલાક વાસણોની ચોરી કરીને રિક્ષામાં મુકી ફરાર થઈ ગયો હતો. જોકે ત્યાં લગાવેલા સીસીટીવી કેમેરામાં ચોરીની સમગ્ર ઘટના કંડારાઈ ગઈ હતી.

તાજેતરમાં જ હનુમાન જયંતીના દિવસે વિવિધ જગ્યા પર ભંડારાનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારે શહેરના આજવા રોડ નવજીવન પાસે પણ હનુમાન જયંતી નિમિત્તે ભંડારાનું આયોજન કર્યા બાદ મોડી રાત્રિના સમયે ભંડારામાં ઉપયોગમાં લેવામાં આવેલા ફરાસખાનાના વાસણો ઉન્નતિ કો ઓપરેટિવ સોસાયટી પાસે મૂકવામાં આવ્યા હતા. ત્યારે મોડી રાત્રિના સમયે તસ્કર રિક્ષામાં આવ્યો હતો અને ફરાસખાનાના મુકેલા સામાનમાંથી કેટલોક સમાન ચોરી રીક્ષામાં મૂક્યા બાદ ચોરી કરી ફરાર થઈ ગયો હતો. જોકે સામાન ચોરી કરવા આવેલો રીક્ષા ચાલક સોસાયટીના નાકે લગાવેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગયો હતો.

વકીલોએ કોર્ટથી પગપાળા રેલી યોજી

UCC બીલ લાગુ કરવાની તૈયારીના વિરોધમાંવકીલોનોકલેક્ટરનેઆવેદનપત્ર

(પ્રતિનિધિ) વડોદરા તા 15

ઉત્તરાખંડ બાદ દેશમાં હવે ગુજરાત રાજ્યમાં સમાન નાગરિક સંહિતા (UCC) બીલ લાગું કરવાની રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલ દ્વારા જાહેરાત કરવામાં આવી હતી અને તે બીલ લાગું કરવાની તૈયારી ચાલી રહી છે ત્યારે વડોદરાના વકીલો વચ્ચે પણ આ યુનિફોર્મ સિવિલ કોડ ને લાગુ કરવા અને લાગુ ન કરવાના સમર્થનમાં બે ભાગ જાણે પડી ગયા છે ત્યારે મંગળવારે કેટલાક વકીલોએ ગુજરાતમાં યુનિફોર્મ સિવિલ કોડ (UCC) ન લાગું કરવામાં આવે તે માટે કોર્ટથી પગપાળા રેલી યોજી વડોદરા જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી રજૂઆત કરવામાં આવી હતી.

દેશના બંધારણના ઘડવૈયા એવા બાબાસાહેબ આંબેડકર દ્વારા 29 નવેમ્બર,1948 માં યુનિફોર્મ સિવિલ કોડ (UCC) ને સ્વૈચ્છિક તરીકે ગણાવ્યું હતું. નવેમ્બર -2019 તથા માર્ચ -2020મા સંસદમાં યુનિફોર્મ સિવિલ કોડ (UCC) રજૂ કરવામાં આવ્યું હતું પરંતુ તે નામંજૂર થતાં પરત લેવાયું હતું. યુનિફોર્મ સિવિલ કોડ (UCC) એટલે સમાન નાગરિક સંહિતા જેમાં લગ્ન, છૂટાછેડા, ભરણપોષણ, મિલ્કતના અધિકારો,દતક તથા વારસાઈ બાબતોમાં સમાન હક્ક આપતો કાયદો ઉતરાખંડમાં લાગુ થયો છે. જ્યારે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલે પણ હવે ગુજરાતમાં UCC લાગુ કરવાની જાહેરાતનો કેટલાક વકીલોએ કોર્ટથી પગપાળા રેલી કાઢી વડોદરા જિલ્લા કલેક્ટર કચેરી ખાતે પહોંચી બિલનો વિરોધ રજૂઆત કરી હતી. એડવોકેટ અશફાક મલિકે જણાવ્યું હતું કે,જો યુનિફોર્મ સિવિલ કોડ (UCC) લાગુ થવાથી ધાર્મિક સ્વતંત્રતા પર તરાપ છે તેથી ગુજરાતમાં વકીલોએ પણ વિરોધ કર્યો છે અને આગામી દિવસોમાં સમગ્ર ગુજરાતમાં વકીલો વિરોધ દર્શાવશે.

તકલાદી કામગીરી કરવા બદલ કોન્ટ્રાક્ટર અને અધિકારીની સસ્પેન્ડ કરવા માંગ

પંડ્યા બ્રિજ યુનિ. હેડ ઓફિસની સામે ખુલ્લી ગટરના કારણે વાહન ચાલકોને હાલાકી

(પ્રતિનિધિ) વડોદરા તા.15

વડોદરા શહેરમાં એક ખતરનાક પરિસ્થિતિ ઉભી થઈ છે, જ્યાં પંડ્યા બ્રિજ યુનિવર્સિટી હેડ ઓફિસની સામે એક ખુલ્લું ડ્રેનેજ વાહન ચાલકો માટે ખતરો ઉભું કરી રહ્યું છે. ફતેહગંજથી પંડ્યા બ્રિજ તરફના રસ્તા પર આવેલા આ ખુલ્લા ડ્રેનેજ ના કારણે વાહનચાલકો આ વિસ્તારમાં પોતાનો જીવ જોખમમાં મૂકી વાહન ચલાવવા મજબૂર બની રહ્યા છે.

સામાજિક કાર્યકર્તા વિજય જાદવ આ મુદ્દાનો વિરોધ કરવા માટે રસ્તા પર ઉતર્યા છે, ખુલ્લા ડ્રેનેજ પાસે બેનર પોસ્ટર સાથે બેસીને પોતાનો રોષ વ્યક્ત કરી કાર્યવાહીની માંગ કરી રહ્યા છે. પોસ્ટરમાં લખ્યું આવી તકલાદી કામગીરી માટે જવાબદાર કોન્ટ્રાક્ટર અને અધિકારીને સસ્પેન્ડ કરવાની માંગ કરવામાં આવી છે.

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન શહેરના માળખાગત સુવિધાઓ, જેમાં ડ્રેનેજ સિસ્ટમનો જાળવવા માટે જવાબદાર છે. એન્જિનિયરિંગ, પુલ બાંધકામ અને ડ્રેનેજ પ્રોજેક્ટ્સનું સંચાલન કરતા વિવિધ વિભાગો સાથે, VMC આ મુદ્દાને ઉકેલવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવવાની હોય છે.

ઓનલાઈન કરાતી ફરિયાદોનો ઉકેલ ક્યારે...?

આ સમસ્યાની જાણ કરવા અને ઉકેલ મેળવવા માટે VMC એ તેમના ટોલ-ફ્રી નંબર (1800-233-0265) અથવા ઓનલાઈન ફરિયાદ પોર્ટલ દ્વારા સંપર્ક કરવા પણ અનેક જાહેરાતો અને બેનરો હોર્ડિંગ્સ લાગ્યા છે. પરંતુ શું પાલિકા ને મળતી ઓનલાઈન કે લેખિત ફરિયાદ નો ઉકેલ આવે છે ખરો? આવ સવાલો એટલે માટે ઉઠે છે કારણ કે શહેરના અનેક વિસ્તારોમાંથી રોજે રોજ પાલિકા ની કામગીરી પર સવાલો ઉભા થતા રહ્યા છે. અને નગરજનો અનેકવાર ફરિયાદો કરી હોય તેમ છતાં પાલિકાના અધિકારીઓ કામ કરતા નથી એવી પણ માંગ સાથે વિરોધ પ્રદર્શન કરતા જોવા મળે છે. અને લોકો વધુ સારા માળખાગત સુવિધાઓ અને સુરક્ષિત રસ્તાઓ માટે ફરિયાદો અવાર નવાર કરતા હોય છે.

નેશનલ પેટ ડેને વધુ વિશેષ બનાવવા માટે વધારે અવસર મળશે

વડોદરા: આ નેશનલ પેટ ડે પર Amazon.in સમર્પતિ સ્ટોરફ્રન્ટની સાથે તમારા પ્રેમાળ મિત્રોને લાડ લડાવવાનું પહેલા કરતા ઘણું વધુ સરળ બનાવે છે, શ્રેષ્ઠ મૂલ્ય પર પાલતુ પ્રાણીઓ માટે આવશ્યક ચીજવસ્તુઓ માટે વિશેષ કલેક્શન છે. સહજ અને સુવિધાજનક પાલતુ પ્રાણીઓની સંભાળ માટે એક જ સ્થળ પર વિભિન્ન પ્રકારની પ્રોડક્ટ્સની એક વિસ્તૃત્ત શ્રેણી જુઓ. પૌષ્ટિક ટ્રીટ અને મનોરંજક રમકડાઓથી લઈને પ્રિમિયમ ગ્રુમિંગ પ્રોડક્ટ્સ અને આરામદાયક ઘરની જરૂરિયાતો સુધી, સ્ટોરફ્રન્ટ પેડિગ્રી, ડ્રુલ્સ, રોયલ કેનિન, મૂચી, ફાર્મિના, હિમાલયા જેવી ટોચની બ્રાન્ડ્સને એક સાથે લાવે છે. પાલતુ પ્રાણીઓ માટે ખરીદી કરવી પહેલા કરતા ઘણી વધુ આનંદદાયક અને અનુકૂળ બની છે. ગ્રાહકો એમેઝોન પે સાથે શ્રેષ્ઠ બચત માણી શકે છે અને પ્રાઇમ સભ્યો માટે હજારો પેટ પ્રોડક્ટ્સ પર સેમ-ડે ડિલિવરી ખરીદીને વધુ સરળ બનાવે છે. ગ્રાહકો રૂ. 5000ના લઘુત્તમ ઓર્ડર પર એસબીઆઇ ક્રેડિટ કાર્ડ પર 10%નું ડિસ્કાઉન્ટ પણ મેળવી શકો છો.

આંતરડાના સ્તર સુધી પહોંચેલા ગાંઠના કારણે બાળકીને અસહ્ય પીડા અને ઉલટીઓ થતી હતી

SSG હોસ્પિટલના ડોક્ટરો દ્વારા છ વર્ષની બાળકીના પેટમાંથી 55 સે.મી.ની વાળની ગાંઠ દૂર કરાઈ

(પ્રતિનિધિ) વડોદરા તા.15

સર સયાજીરાવ જનરલ હોસ્પિટલના સર્જરી વિભાગે એક વિલક્ષણ સર્જરી દ્વારા છ વર્ષની બાળકીના પેટમાંથી 55 સેન્ટિમીટર લાંબો વાળની ગાંઠ સફળતાપૂર્વક દૂર કરી. બાળકી આંતરડાના સ્તર સુધી પહોંચેલા વાળની ગાંઠના કારણે અસહ્ય પીડા અને ઉલટીઓનો ભોગ બની હતી. ડોક્ટરોની ચુસ્ત કામગીરી અને સમયસર લેવામાં આવેલી તબીબી કાર્યવાહીથી બાળકી હવે ધીમે ધીમે આરોગ્યલાભ લઈ રહી છે.

ઉલ્લેખનીય છે કે આ બાળકી ખાનપુર ગામના ખેડૂત દંપતી રાકેશભાઈ અને મીનાબેન નિનામાની પુત્રી છે. તેને છેલ્લા કેટલાક દિવસોથી પેટમાં તીવ્ર દુખાવો અને વારંવાર ઉલટી થતી હતી. બાળકીના માતા-પિતાએ એસએસજી હોસ્પિટલનો સંપર્ક કર્યો, જ્યાં તબીબોએ સીટીસ્કેન દ્વારા વાળની ગાંઠ આંતરડા સુધી પહોંચી ગઈ હોવાનું જણાયું અને તાત્કાલિક પગલા રૂપે બાળકીને હોસ્પિટલમાં દાખલ કરી શનિવારે સર્જરી કરવામાં આવી.

આ જટિલ ઓપરેશનમાં સર્જરી વિભાગના ડૉ. આદીશ જૈન (એસોસિયેટ પ્રોફેસર), ડૉ. સંદીપ રાવ (એસોસિયેટ પ્રોફેસર), ડૉ. અશ્વિન કનકોટિયા (સહાયક પ્રોફેસર), ડૉ. હાર્દિક પરમાર (સહાયક પ્રોફેસર) તેમજ એનેસ્થેસિયાની ટીમે કાર્યરત હતી. લગભગ બે કલાક સુધી ચાલેલી આ સફળ સર્જરીમાં બાળકીના પેટમાંથી 55 સેન્ટિમીટર લાંબા વાળની ગાંઠને સુરક્ષિત રીતે દૂર કરવામાં આવી. ડૉ. સંદીપ રાવે માહિતી આપી હતી કે, "આ કેસ માનસિક સ્થિતિને લઈને ઊભો થયો છે, જેને ટ્રાઈકોબેઝોર (Tricobazor) તરીકે ઓળખવામાં આવે છે. દર્દીએ લાંબા સમયથી પોતાના વાળ ચાવવાની આદત હતી, જેના કારણે વાળ પેટમાં એકઠા થતાં ગયા અને અંતે આંતરડાની દિવાલો સાથે ચોંટી ગયા." જોકે, ખાનગી હોસ્પિટલોમાં આ ઓપરેશન લગભગ 3 લાખ રૂપિયાનો ખર્ચદાયક હોઈ શકે છે, ત્યારે એસએસજી હોસ્પિટલમાં તમામ સારવાર મફતમાં આપવામાં આવી. ડૉ. રાવે વધુમાં ઉમેર્યું કે, "અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ એસએસજીનો સર્જરી વિભાગ આ પ્રકારના જટિલ કેસો માટે તૈયાર છે અને જરૂરિયાતમંદો માટે આરોગ્યસેવાને વધુ પહોંચરૂપ બનાવે છે." બાળકી હાલમાં હોસ્પિટલના સર્જિકલ વોર્ડમાં નિરીક્ષણ હેઠળ છે અને આરોગ્યમાં સુધારો જોવા મળી રહ્યો છે. બાળકીના પિતા રાકેશ નિનામાએ ખુશી વ્યક્ત કરતાં જણાવ્યું હતું, ખાનગી હોસ્પિટલના ખર્ચને કારણે અમે સરકારની હોસ્પિટલ પર ભરોસો મૂક્યો અને અહીંની ડોક્ટરોની ટીમે અમારું જીવન બદલ્યું છે.

ફોનિક્સ સ્કૂલને ડીઈઓ કચેરીએ નોટિસ ફટકારી ખુલાસો માંગ્યો

રજાના દિવસે ફોનિક્સ સ્કૂલ ચાલુ રહેતા વિવાદ વકર્યો, કોંગ્રેસની DEOને રજૂઆત

ગુજરાત બોર્ડ હોય કે સીબીએસઈ બોર્ડ હોય કોઈપણ પ્રકારની ડમિ સ્કૂલ હોય એને સાંખી નહીં લેવાય : મહેશ પાંડે

(પ્રતિનિધિ) વડોદરા,તા.15

વડોદરામાં ડો.બાબાસાહેબ આંબેડકર અને મહાવીર જયંતિ જેવી સરકારી રજાઓના દિવસે શાળા ચાલુ રાખી સરકારી આદેશનું ઉલ્લંઘન કરનાર મકરપુરાની ફોનિક્સ સ્કૂલ સામે કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ સાથે શહેર કોંગ્રેસ પ્રમુખ ઋત્વિજ જોશીની આગેવાનીમાં કાર્યકરો અને હોદ્દેદારોએ એકત્ર થઈ જિલ્લા શિક્ષણાધિકારીને રજૂઆત કરવામાં આવી હતી.

તા.14 એપ્રિલે ડો. ભીમરાવ આંબેડકર સાહેબની જન્મ જયંતિએ જાહેર રજા મંજૂર કરેલ હોય ત્યારે વડોદરા ની મકરપુરા, અટલાદરા, કલાલી સ્થિત આવેલ ફોનિકસ સ્કૂલ દ્વારા શાળા ચાલુ રાખવામાં આવેલ હતી. આ શાળાએ કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારના આદેશનું ઉલ્લંઘન કરેલ છે. આ મામલે મંગળવારે બપોરે શહેર કોંગ્રેસ પ્રમુખ ઋત્વિક જોશીની આગેવાનીમાં હોદ્દેદારો અને કાર્યકરો દ્વારા જિલ્લા શિક્ષણાધિકારીને આવેદનપત્ર પાઠવી ફોનિક્સ સ્કૂલ સામે કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ સાથે રજૂઆત કરવામાં આવી હતી. ઈ.ડીઈઓ મહેશ પાંડેએ જણાવ્યું હતું કે, સ્કૂલ ચાલુ હતી એ બાબતે અમને જાણકારી મળી હતી. તરત જ આજે નોટિસ આપી છે અને ખુલાસો માંગવામાં આવેલ છે.

છાણી સોખડા રોડ પરથી મોપેડ પર દારૂ લઈ જતો યુવક ઝડપાયો

દેશી શરાબનો જથ્થો આપનારની પોલીસે શોધખોળ હાથ ધરી

(પ્રતિનિધિ) વડોદરા તા. 15

છાણી પોલીસે પેટ્રોલિંગ દરમિયાન મળેલી બાતમીના આધારે છાણી સોખડા રોડ પરથી એક મોપેડ પર થેલામાં લઈ જવાતા દેશી 18 લિટર દારૂ જેની આશરે કિંમત રૂ 3,600, તથા મોપેડ જેની અંદાજે કિંમત રૂ 20,000મળીને કુલ રૂ 23,600ના મુદામાલ સાથે એકને ઝડપી પાડ્યો હતો જ્યારે દેશી દારુનો જથ્થો આપનાર ની શોધખોળ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, શહેરના છાણી પોલીસ સ્ટેશનના કર્મચારીઓ પેટ્રોલિંગમા હતા તે દરમિયાન મળેલી બાતમીના આધારે ગત તા.14 એપ્રિલના રોજ રાત્રે સાડા અગિયાર વાગ્યાની આસપાસ આજોડ ગામથી દેશી દારૂ લઈને નારાયણ નગર તરફ એક્સેસ મોપેડ જેનો રજીસ્ટ્રેશન નંબર જીજે- 06-એમ જે -8491 લઈ એક ઈસમ નિકળ્યો હોવાની માહિતીના આધારે છાણી સોખડા રોડ પર આવેલા નારાયણ નગર પાસે વોચ ગોઠવી બાતમીવાળી મોપેડને રોકી તપાસ કરતાં તેમાં આગળ મૂકેલા થેલામાંથી દેશી દારૂ આશરે 18 લિટર જેની અંદાજે કિંમત રૂ 3,600તથા મોપેડ જેની અંદાજે કિંમત રૂ 20,000મળી કુલ રૂ 23,600નો મુદામાલ કબજે કરી મોપેડ ચાલકની પૂછપરછ કરતાં તેણે પોતાનું નામ જીતેન્દ્ર રમેશભાઇ પંચાલ હોવાનું તથા રણોલી ચોકડી પાસે તળાવની બાજુમાં રહેતો હોવાનું જણાવ્યું હતું તથા આ દેશી દારૂ આજોડ ગામ માળી મહોલ્લામાં રહેતા સમુબેન રાકેશભાઇ માળી પાસેથી લાવ્યો હોવાનું જણાવ્યું હતું જેથી પોલીસે સમુબેનની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા હતા.સાથે જ પકડાયેલા ઈસમ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

રિક્ષા ચાલક યુવક તેની સ્ત્રી મિત્ર સાથે રેસ્ટોરન્ટમાં જમવા માટે બેઠો હતો

"મારી સામે શું જુએ છે" તેમ કહી બે ઈસમોનો એક યુવક પર હુમલો

સમગ્ર મામલે ફતેગંજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી

(પ્રતિનિધિ) વડોદરા તા. 15

શહેરના નવાયાર્ડ વિસ્તારમાં રહેતો અને રિક્ષા ચલાવતો યુવક ગત તા.14 એપ્રિલના રોજ રાત્રે નવેક વાગ્યાની આસપાસ પોતાની સ્ત્રી મિત્ર સાથે ધરમસિંહ દેસાઈ રોડ પર આવેલા મરાઠા ચિકન રેસ્ટોરન્ટ માં જમવા બેઠા હતો તે દરમિયાન બે ઈસમોએ ત્યાં આવી "મારી સામે શું જોવે છે" તેમ કહી ઝઘડો કર્યો હતો અને બે જણાએ યુવકને માર મારી બહાર જોઈ લેવાની ધમકી આપી બહાર યુવકને હાથમાં લાકડી જેવું કંઈક નક્કર પદાર્થ વડે મારતાં યુવકને ડાબા હાથના પંજાની છેલ્લી બે આંગળીઓમાં ઈજા પહોંચી હતી જેથી તેને એસ.એસ.જી.હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. ફતેગંજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, શહેરના નવાયાર્ડ વિસ્તારમાં આવેલા સરસ્વતી નગરમાં રહેતા મૂળ દશરથ ગામ,રામા રેસિડેન્સીના જગદીશ રમેશભાઇ ચૌધરી નામનો યુવક પોતાની માતા સાથે રહે છે અને ઓટો રિક્ષા ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે. ગત તા. 14 એપ્રિલના રોજ રાત્રે નવેક વાગ્યાના અરસામાં જગદીશે વડોદરા બસ સ્ટેશન થી પેસેન્જર બેસાડી પંડ્યા બ્રિજ પાસે ઉતાર્યા હતા તે દરમિયાન શહેરના નવી રામવાડી નવાયાર્ડ વિસ્તારમાં રહેતી જગદીશની સ્ત્રી મિત્ર નો ફોન આવ્યો હતો જેમાં તેણીએ શહેરના ધરમસિંહ દેસાઈ રોડ પર નવી રેસ્ટોરન્ટમાં જમવા જવાનું જણાવતા જગદીશે પોતાની સ્ત્રી મિત્ર ને રિક્ષામાં બેસાડી ધરમસિંહ દેસાઈ રોડ પર આવેલા મરાઠા ચિકન નામના નવા રેસ્ટોરન્ટમાં જમવા માટે ગયા હતા તે દરમિયાન પિયુષ અને રણજીત નામના બે યુવકો જેઓ ન્યૂ સમારોડ,ઉમિયાનગરમા રહે છે તેઓ ફોર વ્હીલર ગાડી લઈને જમવા આવ્યા હતા જમતી વખતે પિયુષ નામના યુવકે જગદીશને "તું મારી સામે શું જોવે છે" તેમ કહેતા જગદીશે પણ "તું મને શું જુએ છે " તેમ કહેતા જ મામલો ગરમાયો હતો જે અપશબ્દો